સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

સુકાય ખેતી, ખેડૂતની આંખે વરસે શ્રાવણ!
મોંઘવારીમાં મધ્યમવર્ગી આંખે વરસે શ્રાવણ!
હવામાન આગાહીઓથી આંખે વરસે શ્રાવણ!
પોલીસ ભયે શકુનિઓની આંખે વરસે શ્રાવણ!

હાઈકુ

શ્રાવણ પૂરો!
સોમવતી અમાસ -
મહાદેવ ફી..

સેના ની ધાક
ને લોકશાહી સીડી,
વચ્ચે શરીફ!

ચિંતન

ક્રોધો વૈવ સ્વતો રાજા તૃષ્ણા વૈતરણી નદી । વિદ્યા કામ દુઘા ધેનુઃ સંતોષો નંદનં વનમ્ ॥

ક્રોધ મનુષ્યના શરીરને એ પ્રમાણે જ ખાય છે જે પ્રમાણે યમરાજ મનુષ્યના દેહને સમાપ્ત કરે છે, વળી જે પ્રમાણે સ્વર્ગલોકે જવા માટે વૈતરણી નદી તરવી કઠિન છે તે જ પ્રમાણે મનુષ્ય-ઇચ્છાઓ-અપેક્ષાઓની વૈતરણી પણ કઠિન છે અર્થાત્ ઇચ્છાઓથી પાર-મુક્ત થઇ શકાતું નથી. ઇચ્છાઓનો કદી અંત જ આવતો નથી.

વિદ્યા-કેવળણી-શિક્ષણ-અભ્યાસ કામધેનુ જેવી છે. કામધેનુ જેવી રીતે અપેક્ષિત કામનાઓની પૂર્તિ કરે છે તેમ-તાલીમ-ઘરા પણ માનવી કૌશલ્ય પ્રાપ્ત કરી જીવનમાં સુખી થવા માટે કોઇ પણ ધંધો-નોકરીમાં સફળ થઇ શકે - અર્થાત્ 'ભૂખે મરતો નથી.'.

આમ છતાં જીવનમાં સુખ-શાંતિ પ્રાપ્ત કરવા માટે 'સંતોષ' રાખવો અને 'તૃષ્ણા' ને 'તિલાંજલિ' આપવી..

જેમ જરૂરિયાત અને આશા-ઇચ્છા-અપેક્ષા ઓછી એમ સુખ વધુ. જેમ ઇચ્છાઓ-કામના અસંતોષ વધારે તેમ માણસ વધારે દુખી.

સુવિચાર

- દૂધ પીનાર જેમ દૂધ જોવે છે, ભેંસની કાલીમાં તરફ નહીં... તેમ જ્ઞાની મનુષ્યના ગુણ તરફ જોવો તેના દુર્ગુણ તરફ નહીં **- જ્ઞાનસૂત્ર**
- કાં તો એવું લખો જે વાંચવા લાયક હોય અથવા એવું કરો જે લખવાલાયક હોય **- એસ. ભટ્ટાચાર્ય**
- તમારે તમારી અંદર એવી જગ્યા શોધવી પડશે જ્યાં કશું જ અસંભવ ન હોય **- દીપક ચોપરા**
- અભિમાન એક એવો આનંદ છે જે ઊંચા અભિપ્રાયો ધરાવતા લોકોના મગજમાંથી ઝરતા હોય છે **- માનસસૂત્ર**
- એકાંત જેવો મિલનસાર મિત્ર બીજો કોઇ નથી **- ડેવિડ હેનરી**
- પ્રેમ એટલે આચરણમાં મૂકેલી શ્રદ્ધા, સેવા એટલે આચરણમાં મૂકેલો પ્રેમ **- પન્નાલાલ પટેલ**
- ઝેર પચાવીને જીવી ગયેલા ને મોતનો ડર ન હોય **- વજુ કોટક**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આપણા શ્રાવણિયા અપવાસ, નિયમ-બાધા-પચખાણ એ બધું આત્મવંચના-છલના-દંભ જ છે. લાભ-તક-ભૂખ-સંજોગે બધું પડતું મૂકી વચલો માર્ગ-વ્યવહારુ-નિર્ણય લઇ 'છૂટછાટ' તરત મૂકી દઇએ છીએ. ફલાહારને નામે હવે પચ્ચીસ જાતની મસાલેદાર વાનગીઓ બજારુ દુકાનમાં ઉપલબ્ધ છે જ.

સાસુમાં સત્સંગમાં ગયા. સાધુએ રીંગણાના દુર્ગુણો કહ્યા - તામસી છે, વાયુ કરે છે, ધર્મ સાધનામાં અવરોધ કરે છે વગેરે. એનો ત્યાગ કરો. સાસુમાં ઉભા થયાં અને 'ત્યાગ'ની જાહેરાત કરી. સત્સંગ મંડળમાં 'વાહ - વાહ' થઇ ગઇ.

વરસાદ હતો ઘરે ગયાં તો રસોઇમાં બાજરાના રોટલા ને રીંગણાનું રસાદાર શાક, આંગણામાંથી મહેક આવી. મોં માં રસના ઘોધ છૂટ્યા. પણ વહુને કહ્યું મેં તો 'રીંગણા' ન ખાવાની બાધા લઇ લીધી. વહુ કહે રોટલો ને દૂધ ખાઇ લ્યો!

.. પણ શાકની સુગંધે સાસુને હચમચાવી દીધાં. કહ્યું, એમ કર - વહુ મેં માત્ર 'રીંગણા'નો ત્યાગ કર્યો છે શાકનો રસો આપી દે - એમાં વાંધો નહીં..

વહુ, સાસુનો ઇરાદો સમજી ગય તપેલું લઇ રસો પીરસવા ગઇ ત્યાં તો ત્રણચાર રીંગણાના બટકાં પણ પડી ગયાં. વહુ ચમચાથી પાછાં લેવા ગઇ ત્યાં સાસુએ કહ્યું - રહેવા દે વહુ - હવે જાન જોડી છે તો વરરાજા પણ આવે જ ને! વહુ મનમાં મુરકી વાટકીમાં શાક પીરસ્યું..

Email - sureshchandrabhatt18@gmail.com

આ પુસ્તકો જોયા પછી જરૂર લાગે કે હવે ખરેખર બાળસાહિત્ય બાળકો માટે લખાઇ રહ્યું છે

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

આપણું બાળ સાહિત્ય આમ તો દાદા-દાદી દ્વારા કહેવાતી મૌખિક વાર્તાઓની પરંપરામાંથી ઉતરી આવ્યું છે. તેમાં મૌખિક રૂપે એક પેઢી બીજી પેઢીને વાર્તાઓ કહેતી તેથી એ વાર્તાઓનો સમયગાળો કે તેના લેખકો વિષે ચોક્કસ કંઇ માહિતી પ્રાપ્ત થઇ શકતી ન હતી. દેશકાળ અને પરિસ્થિતિઓ મુજબ તેમાં કંઇ ને કંઇ નવું ઉમેરાતું ગયું. આ વાર્તાઓનો હેતુ બાળકોને જ્ઞાન સાથે ગમ્મત કરાવવાનો અને તે દ્વારા નૈતિકતા અને માનવતાના ગુણો જેવા સંસ્કારો આપવાનો હતો.



લગભગ ૨૫૦૦ વર્ષ પહેલાં અમરકિર્તી નામે એક રાજા થઇ ગયો. તેના ચાર પુત્રોનું ભણવામાં મન ચોંટતું ન હતું. તેથી રાજાએ તેમને ભણાવવા, સદાચાર અને નીતિનું જ્ઞાન આપવા પંડિત વિષ્ણુરામ શર્મા નામના વિદ્વાનને જવાબદારી સોંપેલી. તેમણે વન્ય પશુ પક્ષીઓને વાર્તાનાં પાત્રો બનાવી ચારે રાજકુમારોને નૈતિકતા અને સામાજિક સંબંધો વિષે બોધ આપ્યો. પંડિત વિષ્ણુ શર્માની એ વાર્તાઓ 'પંચતંત્રની વાર્તાઓ'ના રૂપે આવી. અત્યારે તો 'પંચતંત્ર' ની આ વાર્તાઓ અનેક ભાષાઓમાં બજારમાં ઉપલબ્ધ છે. તે ઉપરાંત 'ઇસપની વાતો' બાલ સાહિત્યમાં ખુબ પ્રસિદ્ધ છે. ઇસમ યુનાનનો એક ગુલામ હતો. તે પશુ-પક્ષીઓની વાર્તાઓ મૌખિક રૂપે સંભળાવતો જેને યુનાનના વેદ્રિયસ નામના વિદ્વાને સંગ્રહિત કરેલી અને રોમના રાજા ફાયડ્રસે 'ઇસપની વાર્તાઓ'નો લેટિન ભાષામાં અનુવાદ કરાવ્યો. એ જ રીતે 'સિંહાસન બત્રીસી' અને 'વૈતાલ પચ્ચીસી' જેવી વાર્તાઓ કાળક્રમે અનુવાદ રૂપે આવી અને પુસ્તક રૂપે ઉપલબ્ધ થઇ.

જોકે ગુજરાતીમાં બાળસાહિત્ય ખરેખર નિખર્યું. ગિજુભાઇના સમયથી. વળી, મિશનરીઓએ શિક્ષણ માટે પાઠ્યપુસ્તકો તૈયાર કર્યા. ત્યાંથી બાળ સાહિત્ય શરૂ થયું. ટૂંકમાં બાળ સારિત્ય એ અર્વાચીન કાળની નીજપ છે એમ કહી સકાય. ત્યારે આજે લખાતા બાળ સાહિત્યમાં પણ વિષય, સંદર્ભ અને કહેવાની રીત ભલે બદલાઇ હોય છતાં પરંપરાગત બાળ સાહિત્યની ઝાંય તેમાં અનુભવાયા વિના રહેતી નથી.

આજે મારે તમને તાજેતરમાં પ્રગટ થયેલાં એવા જ એક બાળ સાહિત્યના પુસ્તકની વાત કરવી છે.

'લાંબી પૂંછડીનો વટ' નામે પુસ્તકમાંથી પસાર થતાં તેમાં ૨૧ જેટલી વાર્તાઓ આપણને મળે છે. તેમાં ઘણી બધી વાર્તાઓમાં પ્રાણીઓ-પક્ષીઓ ને વાર્તામાં પાત્રો રૂપે લીધેલ જોવા મળે છે. 'લાંબી પૂંછડીનો વટ' વાર્તામાં વટમલજી વાંદરો અને વન પરીની વાત સાથે લેખિકાએ આધુનિક ટેકનોલોજીનો સમન્વય કરી સરસ રીતે વાર્તા મૂકી આપી છે. વાંચે ગુજરાતની સરકારી યોજનાની વાત પણ કોયલ, પોપટ, મેના અને કબુતર સાથે જોડીને ગધ્ધાજીને વાંચનનું મહત્ત્વ બતાવી તે દ્વારા ઉપદેશ અપાયો છે. મૂંડા મંકોડાની મોટાઇ, અનોખી વેશભૂષા, યુક્તિએ અપાવી મુક્તિમાં પતંગિયાએ યુક્તિના આધારે ગરોળીથી પોતાના બધા સાથીઓના જીવ કઇ રીતે બચાવ્યા તેની વાત છે તો 'અર્જુનની ફરિયાદ' મહાભારતની પૌરાણિક કથા પર આધારીત છે. 'સાચી મિત્રતા' માં વાચકના સંવાદ દ્વારા લેખિકાએ પોતાની વાત રજૂ કરી છે. ફોસી બકરીની ચાલાકી, હોય કે 'છીંકારો સિંહને ઠોંસસવાળી બકરી' વનમાં પંખીઓના સંપ દ્વારા બાળકોને સંપીલાને રોજ દિવાળીનો ઉપદેશ આપવામાં આવ્યો છે. કાગડાને પુરી મોળી લાગી... માં બાળકો ને કાગડા જેવા પક્ષી તરફના પ્રેમને ઉજાગર કરવામાં આવ્યો છે. જિરાફ અને ઊંટની અકડાઇ વાર્તામાં વિનાશકાળે વિપરીત બુદ્ધિ કહેવતને સાકાર કરી અહંમ ન રાખવાનો બોધ અપાયો છે તો આંબા ડાળે ડાળે સાપ સંગ્રહની ખાસ લાંબી વાર્તા કહેવા છતાં તેનો ઉપદેશ બરાબર સિદ્ધ થતો હોય તેમ લાગતું નથી. છેલ્લે હે... મારા કાન સોનાના જેવી વાર્તા બાળકને મનોરંજન સાથે ભૌતિકતા તરફ ખેંચી જાય છે. તે કયો બોધ આપવા લખાઇ હશે તે સમજાય નહીં તેવું જ છે. છતાં વાર્તાસંગ્રહની તમામ વાર્તાઓ બાળકોને તેનાં મિત્રો, સંવાદો અને રજૂઆતથી જરૂરથી આકર્ષે તેમ છે. જે માટે ગિરાબેનને ધન્યવાદ પાઠવું છું.

લાંબી પૂંછડીનો વટ (બાળ-કિશોર વાર્તાસંગ્રહ)
લેખિકા - ગિરા પિનાકીન ભટ્ટ
પ્રકાશક - હર્ષ પ્રકાશન, અમદાવાદ
વિતરક - ગૂર્જર સાહિત્ય ભવન, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ - ૨૦૧૪, કિંમત - રૂ. ૭૦/-

સાહિત્યના દરેક પ્રકારનું મૂલ્યાંકન કે માપદંડ સમયની પરિવર્તનશીલતા પર આધારીત હોય છે. જેવો યુગ તેવો સમાજ, સાહિત્ય તેનું પતિનિધિત્વ કરે છે અને તે અનુસાર તે રચાતું આવ્યું છે. બદલાતાં પરિવેશની સાથે સાહિત્યનું સ્વરૂપ અને કથન શૈલીમાં પણ નવી તાજગી આવતી હોય છે. કોઇક જૂની કથાને પણ નવી રીતે કહેવાય ત્યારે તે વાંચવી કે સાંભળવી ગમે છે. કેમ કે તેમાં નવા વિચારનું તત્ત્વ ઉમેરાયેલું હોય છે.

આજે મારે તમને બાળ કિશોરો માટેની એવી જ મોજ કથાઓની વાત કરવી છે. તેમાં બાળચેતનાને ઉજાગર કરવા બાળકોની જીજ્ઞાસાને સંતોષવા માટે આજે પણ પ્રાણીઓ અને પશુઓની વાત તો આવે છે. પણ તેના સંદર્ભ બદલાતા નજરે પડે છે.

'ડ્રાઉં... ડ્રાઉં... દાબેલી પાઉં...'નામે પુસ્તકનું શિર્ષક વાંચતાં જ ચોમાસામાં ડ્રાઉં... ડ્રાઉં નો સમુહ આલાપ કરતાં દેડકાઓ અને તેની કુદાકુદ યાદ આવે છે તે સાથે સાથે વરસાદી મૌસમમાં દાબેલી-પાંઉનો ચટકો પણ સાંભળી આવે કેવું મજાનું શિર્ષક છે. બાળકોને તો એ દૂરથી જોતાં જ વાંચવાનું મન થઇ જાય. આમ તો આ વાર્તા સંગ્રહની પ્રથમ વાર્તાનું શિર્ષક પણ છે. એ રીતે લેખિકાએ બાળકોને વાર્તા તરફ આકર્ષિત કરવાનો સુંદર પ્રયાસ કર્યો છે.

આ બાળકિશોર કથાઓમાંથી પસાર થતાં આપણને સુંદર મજાની ૨૪ જેટલી નાની નાની વાર્તાઓ મળે છે. વાર્તાઓની સાથે તેને લગતાં સુંદર ચિત્રો પણ છે અને વાર્તામાં બાળકોને રસ પડે તેવાં જોડકણાં પણ છે. તેમાં પણ બાળકને ભાર ન લાગે તે રીતે સુંદર વિચારબોધ પણ અપાયો છે.

'જીવ માત્ર એક સમાન
સહુએ ખાય ભૂલી ભાન
ડ્રાઉં.. ડ્રાઉં.. દાબેલી પાઉં'

વળી વરસાદી મૌસમમાં ચક્કીવાળા દેડકાં એન તેના આગેવાન ડબ્બુજી મોબાઇલ લાવે ત્યારે કુવામાંના દેડકાંવાળી કહેવતની પણ દેડકાંઓમાં ચર્ચા ચાલે. માછલીઓની ઇર્ષા અને મોબાઇલ મેસેજ દ્વારા ડીઝાસ્ટર મેનેજમેન્ટની વાત બાળકોને સરસ રીતે સમજાવાઇ છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

૧૯૨૮માં જન્મનાર આ નારીએ જીવનના કેટકેટલા રંગ જોયા, કેટલા અનુભવ કર્યા, કેટલી યાતનાઓ સહી અને એ સર્વ સ્થિતિઓ દરમિયાન પોતાના સ્વાભિમાનને અણનમ રાખ્યું અને સતત સ્વવિકાસ સાધવાનું ચાલુ રાખ્યું, એની કથા માત્ર શ્યામવર્ણી સ્ત્રીઓ માટે જ નહિ, વિશ્વભરની તમામ કોમો-જનસમૂહોની સ્ત્રીઓ માટે પ્રેરક છે, ઉત્સાહવર્ધક છે

હું રસ્તે રઝળતી વારતા

- અયના કમલેશ

અમેરિકામાં શ્યામવર્ણી લેખિકા કવયિત્રી - કર્મશીલ માયા એન્જેલનું ૨૮ મે, ૨૦૧૪ને દિવસે ૮૬ વર્ષની વયે અવસાન થયું ત્યારે દુનિયાભરમાં માધ્યમોએ તેની નોંધ લીધી. દક્ષિણ અમેરિકી રાજ્યોમાં ભયંકર હદે રંગભેદનું આચરણ હતું અને જે કાળે શ્યામવર્ણીને મારવા અને ઉંદર મારવા એ બંને સરખી ઘટના ગણાતી, એવે સમયે, ૧૯૨૮માં જન્મનાર આ નારીએ જીવનના કેટકેટલા રંગ જોયા, કેટલા અનુભવ કર્યા, કેટલી યાતનાઓ સહી અને એ સર્વ સ્થિતિઓ દરમિયાન પોતાના સ્વાભિમાનને અણનમ રાખ્યું અને સતત સ્વવિકાસ સાધવાનું ચાલુ રાખ્યું, એની કથા માત્ર શ્યામવર્ણી સ્ત્રીઓ માટે જ નહિ, વિશ્વભરની તમામ કોમો-જનસમૂહોની સ્ત્રીઓ માટે પ્રેરક છે, ઉત્સાહવર્ધક છે.

માયાનું જન્મસમયનું નામ તો માર્ગેરેટ એની જહોન્સન હતું અને તે અમેરિકાના દક્ષિણના રાજ્ય મિસૂરીના સેન્ટ લૂઇ નગરમાં જન્મી હતી. પિતા બેઇલી જહોન્સન કેટલોક સમય થિયેટરમાં ડોરમેન હતાઅને કેટલોક સમય નૌકાદળમાં આહારશાસ્ત્રી બનેલા. માતા વિવિયન અજાયબ સ્ત્રી હતી. એણે નર્સ તરીકે, વ્યવસાસી જુગારી તરીકે, પીઠાની માલકીણ તરીકે અને કલબોમાં મનોરંજન કરાવનાર તરીકે, એમ અનેકવિધ કામગીરીઓ બજાવેલી. માયા માટે જિંદગીમાં ઘણી ઘણી ભૂમિકાઓ ભજવવા માટે કદાચ માતા જ પ્રેરણાસ્થાન હતી!

માયા માત્ર ત્રણ વર્ષની હતી ત્યારે માબાપે છુટાછેડા લીધા. વિવિયનના વ્યવસાયો જોતાં, બેઇલીને લાગ્યું કે છોકરાં રઝળી જશે, એટલે એમણે બેયને પોતાની માતા પાસે મોકલી દીધી. આ દાદીમા એની હેન્ડરસન ખૂબ જ ધાર્મિક અને ખૂબ જ મક્કમ મનનાં સ્ત્રી હતા. તેઓ દક્ષિણના જ આર્કેન્સાસ રાજયમાં રહેતા હતા, જયા પણ રંગભેદ પુષ્કળ હતો. અહીં નાનકડી સાત જ વર્ષની માયા પર એક અમાનુષી કૃત્ય થયું. એની માતાના દોસ્ત એક પુરૂષ દ્વારા એના પર બળાત્કાર કરવામાં આવ્યો. આટલી કુમળી વયની બાળકી માટે આ અનુભવ ખતરનાક હતો. એણે એવો તો આઘાત આપ્યો કે એ મૂંગી થઇ ગઇ. એની વાચા જ હણાઇ ગઇ. આ સ્થિતિ પાંચ વર્ષ ચાલી. જો કે સમજુ દાદીમાના વત્સલ પ્રયાસોએ તેને પાછી બોલતી કરી. એની મૂક અવસ્થા શ્યામવર્ણી લેખકોની પુષ્કળ કૃતિઓ એણે વાંચી. વળી, એમના નગર સ્ટેમ્પ્સમાં જ વસતી શિક્ષિત અને સમજુ શ્યામવર્ણી બહેને એને એકલાં એકલાંય મોટેથી વાંચવા પ્રેરણા કરી.

સ્ટેમ્પ્સ, આર્કેન્સાસની જિંદગી તરૂણ શ્યામવર્ણીઓ માટે ખૂબ આકરી હતી. અમુક રસ્તે ને જવાય. અમુક જાહેર વાહનમાં પણ ન બેસાય, એટલું પૂરતું ન હોય તેમ રસ્તે જતાં - આવાતા આવારા ગોરા છોકરાઓ દ્વારા તુચ્છકાર સૂચક શબ્દો ઉચ્ચારાય, એ બધુંય સહન કરવાનું. આજે આપણે ત્યાં ઘણીવાર હલકટ શબ્દો સાંભણીને દલિતો- લઘુમતીઓના જુવાનો દાઝી ઉઠે છે એવું જ અમેરિકામાં થયું. માયાનો મોટો ભાઇ આ સ્થિતિથી અકળાઇ રહ્યો હતો અને કદાચ કદીક મારફાટ કરી બેસશે એવી દાદીમાને બીક લાગી. એટલે દાલીમાએ બાળકોને સાન ફ્રાન્સિસ્કો મોકલી દીધાં. ત્યાં એમની માતા રહેતી હતી અને બહુ સન્માનજનક નહિ ગણી શકાય એવા વ્યવસાય દ્વારા જિંદગી નિભાવતી હતી. ૧૪ વર્ષની માયા આ સ્થિતિથી પણ ત્રાસી ગઇ અને પિતાની શોધમાં ઘર છોડીને ભાગી નીકળી. એને પિતા તો ન મળ્યાં પરંતુ લોસ એન્જેલિસમાં અને મેક્સિકોમાં મજૂરી કરીને જીવવાનો અનુભવ મળ્યો!

માત્ર સોળ વર્ષની વયે એ શહેરની સ્ટ્રીટકારની પ્રથમ સ્ત્રી કંડકટર પણ એ પહેલી! આ દરમિયાનમાં એક જુવાન સાથે એનું મન મળી ગયું અને મહાભારતની કુંતીની માફક એક પુત્રીની એ માતા બની. દરમિયાનમાં કોણ જાણે કયાં મન ઊંચા થઇ ગયા કે એ જુવાન સાથે લગ્ન કરવાનો એણે ઇન્કાર કરી દીધો. પાછળના દિવસોનાં આત્મકથાનાત્મક લખાણોમાં કયાંક એણે આ જુવાનનું નામ નથી લખ્યું. આ ઘટના એ વાતની પણ સાક્ષીરૂપ છે કે નાની ઉંમરથી જ એ કેટલી સ્વાભિમાની હતી.

બે વર્ષ કંડકટરી કર્યા પછી એણે નાઇટ કલબોમાં નાચવાનું, હોટેલમાં રસોઇ કરવાનું, વેઇટ્રેસ બનવાનું, એમ અનેકોનેક કામ કર્યા. એમ કરતાં એ વીસ વર્ષની થઇ અને ફરી પ્રેમમાં હતી. આ વેળા એનો પ્રેમી એક ગ્રીક ખલાસી હતો, જે વળી નાટકોનાં સંગીતકાર તરીકે કામ કરતો. એના નામ એનાસ્તાસીઓસ.

માયાને લાગ્યું કે મારી કારકિર્દી નૃત્યમાં છે. એટલે વળી નૃત્યની તાલીમ લીધી. જે નાટ્યમંડળીમાં એ નૃત્ય કરતી એમે માયાને અભિનેત્રી તરીકેનાં પાઠ આપવા માંડ્યા મંડળી સાથે એ યુરોપની સફરે ગઇ. નાટ્ય - અભિનેત્રી તરીકે પણ એ ઠીકઠાક સફળ થઇ. દરમિયાનમાં, દક્ષિણ આફ્રિકાના નાગરિક હકોના લડવૈયા વુસુમ્ગી માકેનાં પ્રેમમાં પડ્યા. પોતાના પુત્રને લઇને એ માઠે સાથે મિસરના કેરોમાં રહેવા ગયા. અહીં વળી, પ્રગતિશીલ અંગ્રેજી સાપ્તાહિક 'આરબ ઓબ્ઝર્વર'નું તંત્રીપદ એમને સોંપાયું. ત્યાંતી વળી એ ઘાના ઘયા. અહીં ઘાના યુનિવર્સિટીમાં એ પ્રોફેસર બન્યાં. અહીં ઘાનામાં જ એમને માલ્કમ એક્સનો પરિચય થયો. એ તો વળી શ્યાવર્ણીઓના અધિકારો માટે ઝરતી મશાલ સમા હતા. એમણે માયાને સંપૂર્ણપણે લડાયક બનાવી દીધાં. ૧૯૬૫માં એ માલ્કમ એક્સ સાથે અમેરિકા આવ્યા. અને બંનેએ મળીને આફ્રિકન - અમેરિકન એકતા સંગઠન રચ્યું. પરંતુ એ જ વર્ષે માલ્કમની હત્યા થઇ અને સંગઠન પડી ભાંગ્યું. હવે માયા વિશ્વવિખ્યાત માનવહકવાદી માર્ટિન લ્યુથર કિંગના સાક્ષી બન્યા. કિંગની પણ ૪ એપ્રિલ, ૧૯૬૮ને દિવસે ગોરા કોમવાદીઓએ હત્યા કરી. એ દિવસ માયાનો ૪૦મનો જન્મદિવસ હતો.

ભેટ : સ્નેહ, સમર્પણનું પ્રતીક

અક્ષયપાત્ર

- બકુલ દવે

The giver makes the gigt Precious - Annonymus
(ભેટ આપનાર ભેટને મૂલ્યવાન બનાવે છે - અજ્ઞાત)

પ્રેમની અભિવ્યક્તિના અનેક માર્ગ છે. ચંદનનો લેપ થતો હોય તેવા શબ્દો, વાત્સલ્યયુક્ત સ્પર્શ, હૃદયસરસું આલિંગન અને હૂંફાળી નિકટતાથી પ્રેમનો અનુભવ થાય છે. આ ઉપરાંત, કોઇ સરસ ઘટનાને નિમિત્ત બનાવી પ્રિયજનને કશુંક આપીને પણ હૃદયની લાગણી વ્યક્ત થતી હોય છે. લાગણીના પ્રતીકરૂપે જે આપવામાં આવે તેને આપણે ભેટ કહીએ છીએ.

ભેટનો અર્થ મેળાપ પણ થઇ શકે. ભેટવાનો અર્થ આલિંગન પણ થાય. ભેટમાં આ બંનેની સાર્થકતા પ્રગટ થવી જોઇએ. ભેટ આપનાર અને તેને સ્વીકારનાર વચ્ચે હાર્દિક મેળાપ શક્ય ન બને તો તે માત્ર લેવડ-દેવડની ઔપચારિકતા બનીને રહી જાય છે. ભેટ પ્રતીક છે અને સ્નેહ અને સમર્પણનું. એનો મુખ્ય ઉદ્દેશ છે આપનાર એ લેનારને નિઃસ્વાર્થ ખુશી મળે તે. ભેટ આપનારને આપવામાં આનંદ ન આવતો હોય તો તેણે તેમ કરવાનું ટાળવું જોઇએ.

પ્રેમ શબ્દની જેમ ભેટ શબ્દ પણ તેના મૂળ અર્થ અને ઉદ્દેશને ગુમાવી બેઠો છે. બંને શબ્દો લક્ષ્યહીન બની સાર્થકતાની શોધમાં ભૂલા પડ્યા છે. આ માનવ-મહેરામણમાં. બંને કોરી ઔપચારિકતાનો પર્યાત બની રહ્યા છે. મગનનાં લગ્નમાં છગને પાંચસો એક રૂપિયાનો ચાંલ્લો કર્યો હશે તો મગન પણ છગનના લગ્નમાં એટલી જ રકમ અથવા એટલી જ કિંમતની 'ભેટ' આપશે. અહીં ભેટ આપવા-લેવાનો ઉદ્દેશ પૂર્ણ થતો નથી.

ભેટ માટે એક અંગ્રેજી શબ્દ છે પ્રેઝન્ટ. પ્રેઝન્ટનો અર્થ પ્રસ્તુત થવું - કરવું એવો થાય છે. ભેટ આપતી વખતે કોઇ હાર્દિક રીતે કેટલું પ્રેઝેન્ટેબલ છે તે બાબત તેને મૂલ્યવાન બનાવે છે. કોઇ વાર કોઇ ખૂબ કિંમતી વસ્તુ પ્રેઝન્ટ કરે ત્યારે એની વાહ વાહ થઇ જતી હોય છે. કિમતી વસ્તુ આપી માત્ર પ્રશંસા સાંભળી અહમ્ સંતોષવાની લાલસાનો એક અંશ પણ હોય તો ભેટ પાછળ રહેતી ઉદાત્ત ભાવનાનો છેદ ઉડી જતો હોય છે. આનાથી ઊલટું, બગીચામાં કોઇ વૃક્ષ હેઠળ, છાના ખૂણે કોઇ યુવક તેની પ્રિયતમાને સ્નેહની પ્રસ્તુતિરૂપે ફૂલ આપે છે ત્યારે બે હૃદયનો સંગમ રચાય છે. બંને પરસ્પરમાં ઓગળી જાય છે ને ફૂલની સુવાસ છેક ભીતર સુધી પ્રસરી જાય છે. ભગવાનને કશું ર્પણ કરીને તે પણ ભેટ છે. એમાં હૃદયના ભાવ ઉમેરાય ત્યારે તે પ્રસાદ બંને. પ્રસાદમાં સમર્પણ છે. ભેટની પ્રસ્તુતિ પ્રસાદ બને છે ત્યારે તે સ્તુતિ-પ્રાર્થના બની જાય છે. પ્રેમથી સમર્પિત થઇ અપાતી ભેટ ભક્ત અને ભગવાન વચ્ચે અદ્વૈત રચે છે. આમાં અપાતી વસ્તુની સ્થૂળ કિંમત ગૌણ બની જાય છે. ગીતામાં ભગવાને કહ્યું છે : 'પુષ્પમ્ પત્રમ્ ફલમ્ ન તોયમ્.'

ભેટ આપી કશું કામ કઢાવી લેવાનો સ્વાર્થ હોય ત્યારે 'ભેટ' તરીકે જે કૈં આપવામાં આવે છે તે લાંચ બની જાય છે. એમાં 'પ્રેઝન્ટ' આપનાર અને લેનાર વચ્ચે નિકટતા સધાવાના બદલે દુરી ઊભી થાય છે એમાં બંનેમાંથી કોઇ પ્રેઝન્ટેબલ બની શકતું નથી. લેવડ-દેવડ સમયે બંને હૃદયની સાવ શૂન્ય - સાવ એબ્સન્ટ હોય છે. એ જ રીતે પોતાને પસંદ ન હોય તેવી અથવા તો બિનઉપયોગી ઘરમાં પડી રહેલી કોઇ વસ્તુ કોઇને આપી દેવાય તે પણ ભેટ નથી. એક વાર્તા છે. ચીનમાં એક ગામ હતું. ત્યાં વર્ષો પહેલાં સોના-ચાંદીમાંથી ભગવાન બુદ્ધની મૂર્તિ બનાવવાનું નક્કી થયું. આ કાર્ય માટે સૌએ પોતાની શક્તિ પ્રમાણે સોના-ચાંદીના સિક્કા અને ઘરેણાં આપ્યા. ઘરકામ કરતી, બાર વર્ષની એક ગરીબ છોકરીને પણ પોતાના તરફથી કંઇક આપવાની ઇચ્છા થઇ. એણે પોતાની પાસે એક માત્ર તાંબાનો સિક્કો હતો તે આપ્યો. મૂર્તિ બનાવતી વખતે તે સિક્કો તૂચ્છકારથી અલગ ફેંકી દેવાયો. ધાતુને સાંચામાં ઢાળવામાં આવી પણ મૂર્તિને યોગ્ય આકાર ધારણ ન કર્યો. થોડા વધુ પ્રયત્નો થયા, પણ વ્યર્થ, અચાનક એક જણને કંઇક સૂઝ્યું. એણે પેલી છોકરીનો સિક્કો ધાતુમાં મિશ્ર કર્યો ને ચમત્કાર થયો. ધાતુને સાંચામાં ઢાળતાં જ બુદ્ધની નખશિખ અને કલાત્મક મૂર્તિનો આકાર બન્યો. નાનકડી ગરીબ છોકરીના હૃદયનો ભાવ ઉમેરાયો ને પ્રભુ પ્રગટ થયા.